# Day to Day Current Affairs

29 March-2015

૧) **સાયના નેહવાલ** : ભારતની બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે વર્લ્ડ નંબર વન ખેલાડીનો રેન્ક મેળવવાની ઐતિહાસિક સિધ્ધિ મેળવી છે. તે ઇન્ડિયન ઓપનની સેમી ફાઇનલમાં જાપાનની હાશિમોટોને હરાવી ફાઇનલમાં પહોંચતાની સાથે વર્લ્ડ નંબર વન પણ બની ગઇ. અત્યાર સુધીની વર્લ્ડ નંબર વન સ્પેનનીકેરોલીના મારિન ઇન્ડયન ઓપનની સેમી ફાઇનલમાં હારતા આ તાજ ગુમાવ્યો હતો સાયના આવી સિધ્ધિ મેળવનાર ભારતની સૌપ્રથમ મહિલા ખેલાડી બની. અગાઉ ભારત તરફથી પ્રકાશ પાદુકોણ વિશ્વના નંબર વન બેડમિંટન ખેલાડી રહી ચુક્યા છે

૨) **IRNSS-1D :** IRNSS :- ઇન્ડીયન રિજીનલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ. ભારતે ચોથો નેવિગેશનલ ઉપગ્રહ IRNSS-1D સફળતા પૂર્વક લોન્ચ કર્યો હતો ભારતની સાત નેવિગેશનલ ઉપગ્રહ છોડવાની યોજના છે. આ પહેલા સિરિઝના ત્રણ ઉપગ્રહો 1A,1B, અને 1C લોન્ચ થઇ ચુક્યા છે. IRNSS-1D ની સફળતાની સાથે જ સેટેલાઈટ નેવીગેશન સિસ્ટમનુ ભારતીય વર્ઝન એટલે કે દેશી જીપીએસ શરૂ થઇ જશે. આ સાથે ભારત આ સિસ્ટમ ધરાવનાર વિશ્વનો 6 દેશ બની જશે. IRNSS-1D ને ઇશરોના વિશ્વસનીય પી.એસ.એલ.વી.સી-27 દ્વારા સાંજે 5:19 કલાકે શ્રી હરીકોટા સતિષ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાયો હતો.

3) **મૂર્તી એસકમ્ભમપતિ** : વિજ્ઞાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બદલ ભારતીય અમેરીકન વૈજ્ઞાનીકની પ્રેશિડેન્શિયલ એવોર્ડ માટે પસંદગી વિજ્ઞાન, ગણિત અને એન્જીનીયરીંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવા બદલ બાયોલોજીના પ્રોફેસર કમ્ભમપતિને ચાલુ વર્ષના અંતે સુધીમાં વ્હાઇટ હાઉસમાં એવોર્ડની સાથે દસ હજાર ડોલર પણ આપવામાં આવશે

www.vivekanandacademy.org